

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રી : પ્રદિપ રાવલ

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-27 ■ અંક-28 ■ તા. 09-07-2023 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


## પશ્ચિમ બંગાળમાં કુલ ૬૩,૨૨૯ ગ્રામ પંચાયત સીટો પર મતદાન થયું : બૂથ પર હુમલા, બોમ્બ ફેંકાયા-ગોળીબાર થયો



કોલકતા,તા.૮

પશ્ચિમ બંગાળમાં પંચાયત ચૂંટણી માટે આજે સવારે કડક સુરક્ષા વચ્ચે મતદાન શરૂ થયું હતું મતદાન દરમિયાન અનેક જગ્યાએ હિંસાના અહેવાલો મળ્યા છે.કુલ ૬૩,૨૨૯ ગ્રામ પંચાયત સીટો પર મતદાન થયું હતું. ૯૭૩૦ પંચાયત સમિતિ સીટો અને ૯૨૮ જિલ્લા પરિષદ સીટો પર ચૂંટણી થઈ છે મતદાન પહેલા મોડી રાતથી ઘણા જિલ્લાઓમાં હિંસા ફાટી નીકળી હતી. અલગ-અલગ જિલ્લામાં હિંસાને કારણે ઓછામાં ઓછા ૭ રાજકીય કાર્યકરોના મોત થયા છે. જેમાં તૃણમૂલ કોંગ્રેસના પાંચ, ભાજપ અને સીપીઆઈ(એમ)ના એક-એક કાર્યકર્તા છે. આ સિવાય ઘણા કાર્યકરોને ગોળી વાગી છે, ઘણા હુમલામાં ઘાયલ થયા છે. તમામ પક્ષો એકબીજા પર હુમલાનો આરોપ લગાવી રહ્યા છે. આ પ્રકારની હિંસા ત્યારે થઈ રહી છે જયારે ચૂંટણી શાંતિપૂર્ણ રીતે કરાવવા માટે મોટી સંખ્યામાં કેન્દ્રીય દળો અને રાજય પોલીસ તૈનાત કરવામાં આવી છે.સરેરાશ ૬૫ ટકા મતદાન થયું હતું

ભાજપેએ કૂચબિહાર જિલ્લામાં તેના એક પોલિંગ એજન્ટ માધવ બિસ્વાસનો વીડિયો શેર કર્યો છે.ટીએમસી કાર્યકર્તાઓ પર આરોપ લગાવતા ભાજપે કહ્યું કે, માધવની ખૂબ જ ખરાબ રીતે હત્યા કરવામાં આવી છે. માધવ કૂચબિહારના ફાલીમારી ગામમાં પોલિંગ એજન્ટ હતો. હુમલા બાદ આ બૂથ પર મતદાન અટકાવી દેવામાં આવ્યું હતું. માયા બર્મન અહીંથી ભાજપના ઉમેદવાર છે.ટીએમસી કાર્યકર્તાઓ પર પણ ઘણી જગ્યાએ હુમલા થયા છે. મુર્શિદાબાદ જિલ્લો પહેલેથી જ ભારે હિંસાની ઝપેટમાં છે. અહીંના કપાસડાંગા વિસ્તારમાં ટીએમસીના એક કાર્યકરની હત્યા કરવામાં આવી હતી. હોસ્પિટલમાં લાવવામાં આવતા જ તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. મુર્શિદાબાદના રેજી નગર ખાતે કથિત બોમ્બ વિસ્ફોટમાં અન્ય ટીએમસી કાર્યકરનું મૃત્યુ થયું હતું. અને જિલ્લાના ખરગ્રામ વિસ્તારમાં પાર્ટીના કાર્યકરની છરીના ઘા મારીને હત્યા કરવામાં આવી હતી.

પશ્ચિમ બંગાળમાં પંચાયત ચૂંટણી દરમિયાન સીતાઈ, કૂચબિહારમાં પંચાયત ચૂંટણી માટે મતદાન શરૂ થવા પર અજાણ્યા ઉપદ્રવીઓએ ૬-૧૩૦ બૂથ, બરવિટા પ્રાઈમરી સ્કૂલમાં તોડફોડ કરી હતી. રાજ્યમાં આઠ જૂનથી માંડીને અત્યાર સુધી હિંસાની કેટલીય ઘટનાઓ બની ચૂકી છે. અત્યાર સુધી ૧૫ લોકોનાં મોત થઈ ચૂક્યાં છે. મતદાન દરમ્યાન સુરક્ષા માટે ૭૦,૦૦૦ રાજય પોલીસની સાથે કેન્દ્રીય દળોને તહેનાત કરવામાં આવ્યા હતાં પૂર્વ મેદિનીપુર જિલ્લાના નંદીગ્રામ બ્લોક એકના રહેવાસીઓએ ચૂંટણીનો બહિષ્કાર કર્યો છે. તેમનું કહેવયું છે કે જ્યાં સુધી મહમ્મદપુર નંબર બે ક્ષેત્રમાં બૂથ સંખ્યા ૬૭ અને ૬૮ પર કેન્દ્રીય દળ તહેનાત નથી કરવામાં આવ્યા, ત્યાં સુધી તેઓ ચૂંટણીનો બહિષ્કાર કરી રહ્યા છે. એક મતદાતાએ કહ્યું હતું કે અહીં કોઈ કેન્દ્રીય દળ નથી.ટીએમસી દ્વારા અહીં બૂથ કેપ્ચરિંગ થતી રહે છે.મતદાન સવારે ધીમુ શરૂ થયું હતું બપોર બાદ મતદાનમાં વેગ આવ્યો હતો પ્રથમ વખત મતદાન કરનાર યુવાનોમાં મતદાનને લઈને ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

## દેશભરમાં હાઈવે પર આવેલા ૮૫ હજાર પુલ પર ડિવાઈસ લાગશે, ખતરો જણાતા જ હુટર વાગશે

દેશના નેશનલ હાઈવે પર બનેલા દરેક પુલ હવે એક વિશેષ સુરક્ષા ડિવાઈસથી સજ્જ હશે. ખતરો જણાતા જ તે માસ્ટર રૂમને એલર્ટ મોકલશે. સાથે જ લોકોને ચેતવણી આપવા માટે પુલ પર હુટર એક્ટિવ થઈ જશે. દ્રઊઁછેં દેશના ૮૫ હજાર પુલો પર આ ઉપકરણ લગાવશે. એક ડિવાઈસની કિંમત ૩૫-૪૦ હજાર રૂપિયા છે.અધિકારીઓ અનુસાર દેશભરના દોઢ લાખ પુલનો ડેટા ઈન્ડિયન બ્રિજ મેનેજમેન્ટ સિસ્ટમ (આઈબીએમએસ) સાથે જોડવામાં આવી રહ્યો છે. તે અંતર્ગત આઈબીએમએસ પર દરેક પુલ માટે નેશનલ આઈડેન્ટિટી નંબરની ફાળવણી કરાશે, જેને દરેક રાજયના




આરટીઓ વિસ્તારના હિસાબથી બ્રિજ લોકેશન નંબર સાથે જોડવામાં આવશે.આઈબીએમએસ પર દરેક પુલની સંપૂર્ણ વિગત હશે. પુલના નિર્માણની તારીખ, પેલોડ ક્ષમતા, મેન્ટેનન્સની તારીખ વગેરે. પુલોના મોનિટરિંગ માટે જે ડિવાઈસ પુલ પર લગાડાશે તે પણ આ સિસ્ટમ સાથે કનેક્ટ હશે. આ ઉપકરણ સ્ટ્રેન ગેજેજ (પુલોમાં તણાવ), એક્સેલેરોમીટર સેન્સર (પુલ પર કંપનની માપણી), પુલ પર થઈ રહેલી ગતિવિધિઓ અને વિકૃતિઓને તપાસતું સેન્સર, લોડ સેલ, તિરાડ અંગે માહિતી આપતી ચિપથી સજ્જ હશે. પુલના માળખામાં કોઈ ગરબડ હશે તો ચિપ સંકેત મોકલશે, જેનો આઈબીએમએસમાં ઉલ્લેખ થશે. એટલે કે પુલના સુરક્ષા માપદંડમાં કોઈ પણ પ્રકારની વિસંગતતા આવતા જ માસ્ટર રૂમને એલર્ટ મોકલાશે.આ એલર્ટ અનુસાર આઈબીએમએસ પુલના યુનિક આઈડેન્ટિટી નંબરના હિસાબથી સંબંધિત રાજ્યોના આરટીઓને પુલ નંબર અને લોકેશનમાં ગરબડની માહિતી મોકલશે. જેથી કરીને કોઈ પણ સંભવિત દુર્ઘટનાને સમય પહેલાં રોકી શકાય.

## દેશના ૮ રાજ્યોમાં પૂર જેવી સ્થિતિ:ઉત્તરાખંડમાં ૧૫૪ રસ્તાઓ બંધ, અમરનાથ યાત્રા સતત બીજા દિવસે અટકી

દેશના આઠ રાજ્યોમાં ભારે વરસાદને કારણે પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. જેમાં આસામ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, કેરળ, કોસ્ટલ ગોવા-કર્ણાટક અને નાગાલેન્ડના અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા.કર્ણાટકમાં વરસાદને કારણે અત્યાર સુધીમાં ચાર લોકોએ જીવ ગુમાવ્યા છે. તે જ સમયે, ઉત્તરાખંડમાં ૧૫૪ રસ્તાઓ બંધ કરવામાં આવ્યા હતા. આસામના ૬ જિલ્લાના ૧૨૧ ગામોના લગભગ ૨૨ હજાર લોકો પૂરથી પ્રભાવિત છે. ઉત્તર ભારતમાં આગામી ચારથી પાંચ દિવસ સુધી ભારે વરસાદ પડશે. જમ્મુ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા અને પશ્ચિમ



ઉત્તર પ્રદેશમાં ૮ થી ૯ જુલાઈ સુધી ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે.કેરળના મલપ્પુરમ, કોઝિકોડ, વાયનાડ, કન્નુર અને કાસરગોડ જિલ્લામાં યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. બીજી તરફ બદરીનાથ નેશનલ હાઈવે પર છિંકા પાસે ભૂસ્ખલનને કારણે રસ્તો બંધ થઈ ગયો હતો. જોકે તે ૫ કલાક પછી સાંજે રમવામાં આવ્યું હતું.દક્ષિણ કાશ્મીરમાં ખરાબ હવામાનને કારણે અમરનાથ યાત્રા સતત બીજા દિવસે સ્થગિત કરવામાં આવી છે. ભારે વરસાદ વચ્ચે પણ અત્યાર સુધીમાં ૮૪ હજાર ૭૬૮ શ્રદ્ધાળુઓ બાબા બર્ફાનીના દર્શન કરી ચુક્યા છે.

આ રાજયોમાં ભારે વરસાદ થશે: મધ્ય પ્રદેશ, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, ગુજરાત, દિલ્હી, પંજાબ, હરિયાણા, સિક્કિમ, પશ્ચિમ બંગાળ, આસામ, ત્રિપુરા, મેઘાલય, મિઝોરમ, મણિપુર, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, ઓડિશા , છત્તીસગઢ, ઝારખંડ, મહારાષ્ટ્ર, ગોવા.આ રાજયોમાં હળવો વરસાદ પડશે.

### ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઘણા વર્ષોથી ગાંધીનગરની સરકારી શાળામાં ભણતા વંચિત બાળકોને અભ્યાસમાં મદદરૂપ થવા

## ઉદગમની ટ્રસ્ટ દ્વારા દર વર્ષે નવા શૈક્ષણિક સત્રમાં વંચિત બાળકોને વર્ષભર ઉપયોગમાં આવે તે રીતે સામગ્રી આપવામાં આવે છે

ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગાંધીનગરની સેક્ટર -૨ માં આવેલ સરકારી પ્રાથમિક શાળામાં શૈક્ષણિક સામગ્રીના વિતરણ નો કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં શાળાના આચાર્ય શ્રીમતી મીનાક્ષીબેન ઉપાધ્યાયએ સ્વાગત પ્રવચનમાં મહાનુભાવને આવકારીને ઉદગમ ટ્રસ્ટના દ્વારા શાળામાં કરવામાં આવતા કાર્યોની માહિતી આપી હતી . કાર્યક્રમના મેહમાન પદે પધારેલ ગાંધીનગર મહાનગર પાલિકાના સ્નેડીગ કમિટીના ચેરમેન જશવંતભાઈ પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શિક્ષણ માટે કરવામાં આવતા કાર્યોની સાથે બાળકોને સ્વચ્છતાનું મહત્વ




સમજાવીને તેના ફાયદા જણાવીને સ્વચ્છતા જાળવવા અપીલ કરી હતી. સાથોસાથ તેમને ઉદગમના કાર્યોને બિરદાવતા સંપૂર્ણ સાથ સહકારની ખાત્રી આપી હતી. જશવંતભાઈ પટેલે સુંદર વેલકમ કાર્ડ બનાવનાર શાળાના બાળકોને ખાસ બિરદાવ્યા હતા. વોર્ડ નં -૯ ના નગરસેવકો રાજુભાઈ પટેલ અને સુનિલભાઈ ત્રિવેદીની ઉપસ્થિતિમાં શાળાના વંચિત બાળકોને અભ્યાસ સારું




ફુલ સ્કેપ ચોપડા અને પેન્સિલ, રબર, ફુટપટ્ટી, સ્કેચપેન, ડ્રોઈંગ બુક ની કીટ વિતરણ કરવામાં આવ્યું હતું.સાહિત્યકાર અને કટાર લેખક સંજયભાઈ થોરાટ સ્વજને બાળકોને કલ્પવૃક્ષની બોધ વાર્તા કહીને ખુબ આનંદિત કરી દીધા હતા.ઉદગમ ના મેનેજીંગ ટ્રસ્ટી ડો મયુર જોષીએ સાથોસાથ પધારેલ મહાનુભાવો અને દાતાઓનો આભાર માન્યો હતો ઉદગમ ટ્રસ્ટના સર્વે ઈંટર્ન્સને સર્ટિફિકેટ વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

.આ કાર્યક્રમમાં ઉદગમ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી ડો. મયુર જોષી, મનોજભાઈ જોશી, જયપ્રકાશ ભટ્ટ, સંજયભાઈ થોરાટ, નીલેન્દુ વોરા, કીર્તિભાઈ જોષી, લાયન્સ ક્લબના ડૉ. અમ્રતભાઈ પટેલ, એલ. કે. વાઘેલા,વિવેકસિંહ ચૌહાણ, તરુણ, પ્રથમસિંહ, નિચિકેત,દિપક, મુકુલ, ઓમ, અદિતિ, મીરા, દર્ષ્ટિ, પ્રથમ, મિહિર, દેવાંશુ, કપિલ, કૌશલ, કાવ્યા, વગેરે સ્વયંસેવકો સાથે શાળાના આચાર્ય શ્રીમતી મીનાક્ષીબેન ઉપાધ્યાય અને શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા

તંત્રી લેખ......

# સખત સંદેશ

એ સારું થયું કે ભારતે કેનેડા, બ્રિટન અને અમેરિકામાં સક્રિય ખાલિસ્તાની ચરમપંથીઓની અરાજક ગતિવિધિઓને લઈને આ દેશોને ફરી એક વાર સ્પષ્ટ કહી દીધું કે આ પ્રકારની હરકતો અસ્વીકાર્ય છે. આ દેશોને સખત અને સીધો સંદેશ આપવો એટલા માટે જરૂરી છે, કારણ કે તે પોતાને ત્યાંના ખાલિસ્તાની કટ્ટરપંથીઓ વિરુદ્‌ધ કોઈ પ્રભાવી કાર્યવાહી કરવાને બદલે લૂલી જ હલાવ્યે રાખે છે. આ મામલે સૌથી શરમજનક વલણ કેનેડા સરકારનું છે. ત્યાંના વડાપ્રધાન ટહડોએ જે રીતે ખાલિસ્તાનીઓના ધમકીભર્યા અને હિંસાની તરફદારી કરતા પોસ્ટરોને અભિવ્યક્તિની સ્વતંત્રતામાં ખપાવ્યા, એ નિર્લજ્જતાની પરાકાષ્ઠા જ નહીં, એક રીતે અતિવાદને ખુલ્લેઆમ અપાતો આશ્રય છે. અમેરિકા અને બ્રિટનની સરકારો પણ પોતાને ત્યાંના ચરમપંથી ખાલિસ્તાનીઓ વિરુદ્‌ધ ઠાગાઠૈયાનું વલણ અપનાવી રહ્યા છે, તેથી આ દેશોમાં પણ તેમની અરાજક અને ભારત વિરોધી ગતિવિધિઓ વધતી જાય છે. ખાલિસ્તાની ઉગ્રવાદી ભારતીય દૂતાવાસો સાથે ભારતના રાજદ્વારીઓ માટે પણ ખતરો બની રહ્યા છે, પરંતુ કેનેડા, બ્રિટન અને અમેરિકાની સરકારો એવા વ્યવહાર કરી રહી છે, જાણે તેઓ કશું જ ખોટું નથી કરી રહ્યા. જોકે ખાલિસ્તાની અતિવાદીઓ અને જેહાદીઓની હરકતો એક સમાન છે અને એ પણ કોઈથી છૂપું નથી કે એક સમયે ભારતમાં ખાલિસ્તાની આતંકીઓએ કઈ રીતે હજારો લોકોને માર્યા હતા, પરંતુ પશ્ચિમી દેશો આ બધાની અવગણના જ કરી રહ્યા છે.

જ્યારે પશ્ચિમી દેશોએ ખાલિસ્તાની કટ્ટરવાદીઓ અને જેહાદીઓ વચ્ચે કોઈ ફરક ન રાખવો જોઈએ, ત્યારે તેઓ ખાલિસ્તાનીઓ તરફ નરમ વલણ અપનાવી રહ્યા છે. આવું આત્મઘાતી વલણ અપનાવીને તેઓ ભારત સાથે સાથે પોતાના માટે પણ મુસીબત ઊભી કરી રહ્યા છે. આખરે કોઈ કઈ રીતે ભૂલી શકે કે ખાલિસ્તાની આતંકીઓએ કઈ રીતે ૧૯૮૫માં એર ઈન્ડિયાના વિમાનમાં વિસ્ફોટ કરીને સેંકડો લોકોના જીવ લઈ લીધા હતા? એવી ભીષણ આતંકી ઘટનાને અંજામ આપવા અને દુનિયાને દહેશતમાં નાખનાર ખાલિસ્તાનીઓ પ્રત્યે પશ્ચિમી દેશોની નરમાઈ ગંભીર ચિંતાનો વિષય છે. ખાલિસ્તાનીઓ પ્રત્યે આ દેશોની નરમાઈનો આલમ એ છે કે તેઓ તેમને ખુશી ખુશી શરણ આપે છે અને તેમની દરેક પ્રકારની અતિવાદી હરકતોની અવગણના પણ કરે છે. આ એક કોયડો છે કે પોતાના માટે ખતરો બનેલ જેહાદીઓને માનવા માટે બીજા દેશો પર હુમલા કરવામાં પણ સંકોચ નહિ કરનારા પશ્ચિમી દેશો ભારત માટે ગંભીર ખતરો બની રહેલા ખાલિસ્તાની અતિવાદીઓને પોષવાનું કામ કરી રહ્યા છે. આ કટ્ટરવાદ વિરુદ્‌ધ પ્રદર્શિત કરાતા ભદ્દા બેવડા માપદંડો છે. ભારતે આ બેવડા માપદંડને વારંવાર બેનકાબ કરવા પડશે. એનાથી ખરાબ વાત બીજી કોઈ ન હોઈ શકે કે પશ્ચિમી દેશો અને વિશેષ રૂપે કેનેડા આતંકની ખુલ્લી તરફદારીને અભિવ્યક્તિની આઝાદી ગણાવી રહ્યું છે. શું તે પોતાના ક્યૂબેક પ્રાંતમાં અલગતાવાદીઓની આવી હરકતો સહન કરી લેશે?

# પ્રિન્ટજગતે, દૈનિકપત્રે, હર સપ્તાહે પ્રગટ થનારી 'ભાવકપ્રિય પતરાળી'ને આવકાર!




પૂરા એક વરસ સુધી સળંગ ચાલેલી એક નવીન પ્રયોગરૂપ પત્રશ્રેણીનાં મૂળ ૨૦૧૭ના ડિસેમ્બર મહિના સુધી લંબાયાં હતાં. દેવિકા ધ્રુવ અને નયના પટેલ વચ્ચે ચાલેલી પત્રશ્રેણીની પ્રિન્ટ કૉપી વાંચીને એક દિવસે અમદાવાદથી જુગલકિશોરે દેવીબહેનને આગ્રહપૂર્વક જણાવેલું કે, “આ, બે ઝરણાંના ખળખળતા મધુરા જળપ્રવાહનો શાબ્દિક વિડીયો” કેવળ બે બહેનો વચ્ચે જ ફરતો રહ્યો એ જ રીતે નેટજગતના આકાશે એકથી વધુ વ્યક્તિઓ દ્વારા એ ફરતો થાય એવું કેમ ન કરો?

તરત જ સ્વીકાર પામેલો એ વિચાર જુભાઈના જ આપેલા શીર્ષક 'પત્રાવલિ' નામે એક પછી એક પત્રથી શરૂ થયો. એ જ 'પત્રાવલિ' શબ્દનો અપભ્રંશ, મોટા સમારંભોમાં થતા જમણવારમાં વપરાતી 'પતરાળી'ને ખેંચી લાવ્યો અને આ સમૂહ લેખનકાર્યમાં જોડાનાર બહેનોને આખો કાર્યક્રમ જાણે કે શબદનો જમણવાર હોય એમ દર અઠવાડિયે પીરસાનારા પત્રોને બાવન અઠવાડિયાંના બાવન, ઉપરાંત અન્ય લેખકોના સહયોગથી કુલ છપ્પન પત્રો પીરસીને છપ્પન મહાભોગ ગણાવવાનું ગમ્યું!

દેવીબહેને પ્રસ્તાવ મૂક્યો, તો સૌથી પહેલો મઝાનો ટહુકો કર્યો રાજુલ કૌશિકે. પછી હાથમાં શબ્દસુગંધથી સજજ કલમનું કમંડળ લઈને આવ્યા ભાષાના કસબી જુગલકિશોરભાઈ વ્યાસ. ત્યાર બાદ-પંચામૃત જેવા પાંચ પત્રોની પ્રસાદી પછી – 'વિશ્વપ્રવાસિની' પ્રીતિ સેનગુપ્તા પધાર્યાં. લેખનકાર્યમાં ભાષાસુધારની બહુ જરૂરી પ્રક્રિયામાં પ્રીતિબહેન અને જુગલકિશોરભાઈની ખૂબ જ કિંમતી મદદ, માર્ગદર્શન અને સૂચનો આ પત્રાવલિને મળતાં રહ્યાં. પછી તો દૂરદૂરથી વાચકોનો પ્રતિસાદ મળતો ગયો. માનવંતા અન્ય લેખકો પણ આનંદપૂર્વક અમારા આમંત્રણને માન આપી પત્રો પાઠવતા ગયા. આ રહ્યા તેઓ :

યુ.કે.થી નયના પટેલ, ભદ્રા વડગામા, ભારતથી સર્વ શ્રી કૃષ્ણકાંત ઉનડકટ, રોહિત શાહ, રજનીકુમાર પંડ્યા, વલીભાઈ મુસા, નીલમ દોશી, કલ્પના દેસાઈ, લતા હિરાણી, અલકેશ પટેલકવિ મુકેશ જોશી, રઈશ મનીઆર, કેલિફોર્નિયાથી કલ્પના રઘુ, ડલાસથી સંગીતા ધારિયા અને ઘણા બધા વાચકમિત્રો પણ આ પંગતમાં પ્રેમપૂર્વક સાથે જ બેઠાં

જુભાઈ જેને “પત્રવાચકને પત્રલેખક અને સૌ કુટુંબીજનો–મિત્રોના ચહેરા સાક્ષાત કરી આપનાર અરીસો” કહે છે તે પત્રદર્પણ એક વરસ સુધી અમારા વિચારો–ભાવોને નેટજગત સમક્ષ દર્શાવતું રહ્યું.

આ દર્પણ, પછી તો, 'પત્રોત્સવ'ના નામે પુસ્તકરૂપે પણ પ્રગટ થયું. એના ઘણા 'રિવ્યૂ' મળ્યા. પરંતુ પુસ્તકનું વિતરણ મર્યાદિત હોઈ અને નેટજગતમાં હવે ડિજિટલ શબ્દનો વધુ ઉપયોગ થતો હોઈ 'ન્યૂઝ ઓફ ગાંધીનગર/ 'જન ફરિયાદ'ના સંપાદક શ્રી પ્રદીપભાઈએ એ છપ્પન પત્રોને દર સપ્તાહે એક પછી એક પ્રગટ કરવા ઉત્સાહભેર સંમતિ દર્શાવી.

આ આયોજન માટે તંત્રીશ્રીનું ઋણ સદાય અમારે શિરે રહેશે.વાચક મિત્રો, 'પત્રોત્સવ'માંથી નિયમિત પ્રગટ થતા રહેનાર આ પત્રો આપને કેવા લાગ્યા તે જણાવતા રહેશો.

–સંપાદકો
દેવિકા ધ્રુવ
રાજુલ કૌશિક
પ્રીતિ શાહ- સેનગુપ્તા
જુગલકિશોર વ્યાસ

### શહેરમાં છ માસમાં ઘર ૪ ટકા મોંઘા થતાં વેચાણ ઘટ્યું

# ગુજરાતમાં રૂ.૧ કરોડથી વધુ રકમનાં ઘર ખરીદતાં પ્રિમિયમ સેગમેન્ટમાં સારો ગ્રોથ જોવા મળ્યો



દેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરનો ગ્રોથ મજબૂત રહ્યો છે જેમાં રિયલ એસ્ટેટ સેગમેન્ટનો સૌથી વધુ હિસ્સો જોવા મળ્યો છે. ખાસકરીને હાઉસિંગ સેગમેન્ટમાં છેલ્લા દોઢેક વર્ષથી મોટા પાયે માંગ ખુલી રહી છે. ગ્રાહકોનો ઘર ખરીદવા પ્રત્યેનો અભિગમ પણ દેશના ટોચના આઠ શહેરોમાં બદલાતો જોવા મળ્યો છે. ચાલુ વર્ષના પહેલા છ માસ દરમિયાન હાઉસિંગ કિંમતોમાં વૃદ્ધિમાં હૈદરાબાદ પછી અમદાવાદ બીજા ક્રમે રહ્યું છે. છ માસમાં હૈદરાબાદમાં કિંમત સરેરાશ ૯ ટકા વધી છે જ્યારે અમદાવાદમાં ભાવ ૪ ટકા વધ્યા છે. ઘર મોંઘા થવા સાથે અમદાવાદમાં વેચાણમાં ૩ ટકાની આસપાસ ઘટાડો થયો હોવાનું નોંધવામાં આવ્યું છે. જ્યારે મુંબઇ-એનસીઆરમાં ત્રણ-ત્રણ ટકા, પૂણે-બેંગલુરૂમાં બે ટકા જ કિંમતો વધી છે. જાણકારોના મતે દેશના ટોચના આઠ શહેરોમાં અમદાવાદમાં ઘર ખરીદવા તરફ લોકોનો ઝોક વધ્યો છે.ગુજરાતમાં અમદાવાદમાં સારું ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સલામતી, એજ્યુકેશન-ટ્રાન્સપોર્ટેશન તેમજ રોજગાર ગ્રોથ સારો હોવાના કારણે મોટાભાગના લોકો અન્ય શહેરોની સરખામણીએ અમદાવાદમાં ઘર ખરીદવાનું પસંદ કરી રહ્યા છે. મોટાભાગનો વર્ગ પ્રિમિયમ ખરીદી તરફ નજર દોડાવી રહ્યા છે. છેલ્લા છ માસમાં એક કરોડથી વધુ કિંમતના ઘર ખરીદવામાં ગ્રોથ સારો રહ્યો છે. અમદાવાદમાં હાઉસિંગ સેગમેન્ટમાં મોટા પાયે માંગ હોવાથી નવા લોન્ચિંગમાં પણ છેલ્લા છ માસમાં વધારો થયો છે. નવા લોન્ચિંગની સંખ્યા છેલ્લા છ માસમાં વધી ૧૦૫૫૬ યુનિટ્સ રહ્યાં છે. જે અગાઉના વર્ષે આ સમયમાં ૧૦૩૮૫ યુનિટ્સ રહ્યાં હોવાનું નાઈટ ફ્રાન્કના અહેવાલમાં દર્શાવાયુનાઈટ ફ્રેન્ક ઈન્ડિયાએ તેના તાજેતરના અહેવાલ ઈન્ડિયા રિયલ એસ્ટેટ: ૐ૧ ૨૦૨૩ (જાન્યુઆરીથી જૂન ૨૦૨૨) માં જણાવ્યું છે કે શહેરમાં રહેણાંકની સરેરાશ કિંમતોમાં ૐ૧ ૨૦૨૨ માં ૨,૯૦૦ રૂપિયા પ્રતિ ચોરસ ફૂટથી ૐ૧ ૨૦૨૩ માં ૩,૦૦૭ રૂપિયા પ્રતિ ચોરસ ફૂટ સુધી ૪% નો વધારો જોવા મળ્યો હતો. પરંતુ આને કારણે વેચાણ થોડું ઘણું ઘટ્યું છે. હૈદરાબાદ, કોલકાતા, ચેન્નઇ અને એનસીઆરમાં ઘરના વેચાણમાં ૩થી માંડીને ૫ ટકા સુધીનો વધારો થયો છે.

# અમદાવાદમાં ડ્રાઈવીંગ લાયસન્સ કૌભાંડ ઝડપાયું, આરોપીઓની ધરપકડ

અમદાવાદ,તા.૯

ભારતીય સુરક્ષાદળોના બનાવટી દસ્તાવેજો આધારે જમ્મુ કાશ્મીરના રહીશોને ડ્રાઈવીંગ લાયસન્સ અપાવવાના કૌભાંડમાં સંડોવાયેલા જમ્મુ કાશ્મીરના ૧ આરોપી તથા ગાંધીનગર આર ટી ઓમાં વચેટિયા તરીકે કામ કરતાં ૨ આરોપીની અમદાવાદ ક્રાઈમબ્રાન્ચએ ધરપકડ કરી છે.

ગાંધીનગર આરટીઓમાં કામ કરતાં સંતોષસિંઘ ચૌહાણ અને ધવલ રાવત કે જેઓ જમ્મુ કાશ્મીરના રહીશો કે જે સુરક્ષાદળમાં ફરજ બજાવતા નથી કે ગાંધીનગર ખાતે રહેતા નથી તેવા વ્યક્તિઓના સુરક્ષાદળના બનાવટી દસ્તાવેજોના આધારે ડ્રાઈવીંગ લાયસન્સ બનાવી આપતા હતાં. જ્યારે જમ્મુ કાશ્મીર ખાતેના આરોપીની સંડોવણી સામે આવતા પોલીસએ જમ્મુ કાશ્મીરથી નાસર અહેમદ મીર નામના આરોપીની ધરપકડ કરી છે. જેની પૂછપરછમાં સામે આવ્યું છે કે, આરોપી વસીમ કુરેશી જમ્મુ કાશ્મીરના રહીશો કે સુરક્ષાદળમાં ફરજ બજાવતા નથી કે ગાંધીનગર ખાતે વસવાટ કરતા નથી.

તેવા પોતાના ઓળખીતા તેમજ પોતાની બી એન ટી ડ્રાઈવીંગ સ્કુલ ખાતે ડ્રાઈવીંગ લાયસન્સ મેળવવા માટે આવતા જમ્મુ કાશ્મીરના રહીશોના ઓળખના પુરાવા અને ફોટા મેળવી પોતાના મિત્ર વસીમ કુરેશી સાથે મળી ધવલ રાવતને મોકલી આપતા હતાં. આરોપી મારફતે અત્યાર સુધીમાં ૧૫૦ થી ૨૦૦ જેટલા સુરક્ષાદળના ડ્રાઈવીંગ લાયસન્સ બનાવ્યા હતાં. જે લાયસન્સ બની ગયા બાદ જમ્મુ કાશ્મીર ખાતે આવેલ આર ટી ઓ કચેરીમાં ટ્રાન્સફ અરજી કરીને તે આધારે જમ્મુ કાશ્મીરના સરનામા ડ્રાઈવીંગ લાયસન્સમાં બદલાવી આપતો હતો. જ્યારે તે ડ્રાઈવીંગ લાયસન્સ અપાવવા પેટે રૂપીયા ૧૩ હજારથી ૨૦ હજાર વસુલતો હતો.

# અમેરિકા કેમિકલ હથિયારોનો ભંડાર નષ્ટ કરશે:બજેટ કરતાં ૨૯૦૦% વધુ ૩ લાખ કરોડ રૂપિયા ખર્ચ્યા; ભારતે પણ કેમિકલ શસ્ત્રોનો નાશ કર્યો છે



વોશિંગ્ટન,તા.૮

આજથી અમેરિકા કેમિકલ હથિયારોથી મુક્ત દેશ બની જશે. ન્યૂયોર્ક ટાઈમ્સના રિપોર્ટ અનુસાર, અમેરિકાએ ૭૦ વર્ષથી કેમિકલ હથિયારોનો સંગ્રહ કર્યો હતો. તેમને નષ્ટ કરવાની પ્રક્રિયા આજે પૂર્ણ કરવામાં આવશે. અમેરિકાને આ ખતરનાક હથિયારોને ખતમ કરવામાં દાયકાઓ લાગ્યા છે.

ડિફેન્સ ડિપાર્ટમેન્ટને હથિયારોને નષ્ટ કરવા માટે ૩ લાખ કરોડ રૂપિયા ખર્ચવા પડશે, જે નિયત બજેટ કરતા ૨૯૦૦% વધુ છે. બાઈડને ગયા મહિને જાહેરાત કરી હતી કે તે સપ્ટેમ્બર સુધીમાં તેના કેમિકલ હથિયારોનો નાશ કરી દેશે.

ન્યૂયોર્ક ટાઈમ્સના એક રિપોર્ટ અનુસાર, ૧૯૭૦ના દાયકામાં સૈન્ય એક જૂના જહાજમાં કેમિકલ હથિયારો લોડ કરીને તેને સમુદ્રમાં ડુબાડવા માંગતી હતી. જો કે, લોકોના વિરોધ બાદ આ કરવામાં આવ્યું ન હતું. આ પછી, આ કેમિકલ હથિયારોને ભઠ્ઠીમાં મૂકીને બાળી નાખવાની દરખાસ્ત કરવામાં આવી હતી. આ પણ મંજૂર થઈ શકી નથી. હાલમાં અમેરિકાએ કેમિકલ હથિયારોને નાશ કરવા માટે રોબોટિક મશીનોની મદદ લીધી છે. શેલમાં રાખવામાં આવેલા આ શસ્ત્રોને ૧૫૦૦ ડિગ્રી ફેરનહીટ પર ખોલીને બાળી નાખવામાં આવ્યા છે.

યુએસ સેનાએ ૧૯૧૮થી લડાઈમાં ઘાતક કેમિકલ શસ્ત્રોનો ઉપયોગ કર્યો નથી. જો કે, વિયેતનામ યુદ્ધ દરમિયાન, તેણે એજન્ટ ઓરેન્જ જેવા કેમિકલનો ઉપયોગ કર્યો હતો, જે મનુષ્ય માટે જોખમી માનવામાં આવે છે. ૧૯૮૯માં યુએસ અને સોવિયેત યુનિયન કેમિકલ શસ્ત્રોના પોતપોતાના ભંડારનો નાશ કરવા સંમત થયા હતા. તેમનો નાશ કરવો સરળ નથી. તેમને નષ્ટ કરવાનો એકમાત્ર રસ્તો સળગાવવાનો છે, જે ઝેરી ધૂમાડો બહાર કાઢે છે. આ ધુમાડાની અસરને સંભાળવી ખૂબ મુશ્કેલ છે.વર્ષ ૧૯૮૬માં અમેરિકાના ઉટાહ રાજ્યમાં ૫૬૦૦ ઘેટાં અચાનક મૃત્યુ પામ્યા હતા. આ જગ્યા કેમિકલ વેપન્સના ટેસ્ટ સાઈટની ખૂબ જ નજીક હતી. યુએસ કોંગ્રેસના દબાણ બાદ સેનાએ સ્વીકાર્યું કે તેઓ ફઠ નામના કેમિકલ હથિયારનું ટેસ્ટિંગ કરી રહ્યા છે. તેમની પાસે ૮ રાજ્યોમાં કેમિકલ શસ્ત્રોનો ભંડાર છે.રશિયાનું કહેવું છે કે તેણે ૨૦૧૭માં જ તેના તમામ કેમિકલ હથિયારોનો નાશ કરી દીધો હતો. જોકે, યુક્રેન યુદ્ધ શરૂ થયા બાદ અમેરિકા અને બ્રિટનને ડર હતો કે રશિયા યુક્રેન વિરુદ્ધ કેમિકલ હથિયારોનો ઉપયોગ કરી શકે છે. રશિયાએ અગાઉ અમેરિકા પર યુક્રેનમાં કેમિકલ અને જૈવિક હથિયારો બનાવવાનો આરોપ લગાવ્યો હતો.

# વિશ્વના અબજોપતિઓની યાદીમાં સંપત્તિ વધારવાના મામલે મુકેશ અંબાણી બન્યા નંબર-૧

મુંબઇ,તા.૭

બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર મુકેશ અંબાણીની સંપત્તિમાં સૌથી વધુ વધારો જોવા મળ્યો છે. આંકડાઓ અનુસાર ગઈકાલ સુધીમાં મુકેશ અંબાણીની સંપત્તિમાં ૧.૫૭ અબજ ડોલર એટલે કે ૧૩ હજાર કરોડ રૂપિયાનો વધારો જોવા મળ્યો છે.વિશ્વના અબજોપતિઓનું ચિત્ર ૨૪ કલાકમાં કેવી રીતે બદલાઈ જાય છે તેનું નવીનતમ ઉદાહરણ આજે બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સમાં જોવા મળ્યું અને મુકેશ અંબાણી પળવારમાં નંબર-૧ બની ગયા.

વિશ્વના ૫૦૦ અબજપતિઓમાં જે અબજોપતિ સૌથી વધુ વધ્યા તે બીજું કોઈ નહીં પણ મુકેશ અંબાણી હતા. સંપત્તિ વધારવાના મામલે નંબર-૧ બન્યો. જ્યારે વિશ્વના ત્રણ સૌથી ધનિક લોકોની સંપત્તિ લગભગ ઈ૧૩ બિલિયનની ક્લિયર થઈ ગઈ છે. વિદેશી બજારોમાં ઘટાડો થયો હતો. જેના કારણે અબજોપતિઓની સંપત્તિમાં પણ ઘટાડો થયો હતો. ગુરુવારે રિલાયન્સના શેરમાં વધારો થયો હતો અને મુકેશ અંબાણીની સંપત્તિમાં એક અબજ ડોલરથી વધુનો વધારો જોવા મળ્યો હતો.

બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર મુકેશ અંબાણીની સંપત્તિમાં સૌથી વધુ વધારો જોવા મળ્યો છે. આંકડાઓ અનુસાર ગુરુવારે મુકેશ અંબાણીની સંપત્તિમાં ૧.૫૭ અબજ ડોલર એટલે કે ૧૩ હજાર કરોડ રૂપિયાનો વધારો જોવા મળ્યો છે. આંકડાઓ અનુસાર મુકેશ અંબાણીની કુલ સંપત્તિ વધીને ઈ૯૦.૮ બિલિયન થઈ ગઈ છે. આ વર્ષે તેમની સંપત્તિમાં ૩.૬૬ બિલિયનનો વધારો થયો છે.એક દિવસ પહેલા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં ૨ ટકાથી વધુનો વધારો થયો હતો. જેના કારણે મુકેશ અંબાણીની સંપત્તિમાં તેજી આવી હતી. વિશ્વના ૫૦૦ અરબપતિઓમાંથી ૫૪ અબજપતિઓની સંપત્તિમાં વધારો થયો છે. જેમાંથી ૧૦ અબજપતિઓ માત્ર ભારતના છે.

બીજી તરફ વિદેશી બજારોમાં ઘટાડાને કારણે વિશ્વના ટોચના અબજોપતિઓની સંપત્તિમાં સૌથી વધુ ઘટાડો જોવા મળ્યો છે. ઈલોન મસ્કની સંપત્તિમાં સાડા ચાર અબજ ડોલરનો ઘટાડો થયો છે. તે જ સમયે, બર્નાર્ડ આર્નોલ્ટની સંપત્તિમાં ઈ ૬.૧૧ બિલિયનનો ઘટાડો થયો છે. જેફ બેઝોસની સંપત્તિમાં ૨ અબજ ડોલરથી વધુનો ઘટાડો થયો છે. આનો અર્થ એ થયો કે વિશ્વના ત્રણ સૌથી ધનિક ઉદ્યોગપતિઓની સંપત્તિમાં લગભગ ઈ૧૩ બિલિયનનો ઘટાડો થતો દેખાય છે. ટોચના ૧૦માં સ્ટીવ બાલ્મર એકમાત્ર અબજોપતિ હતા જેમની સંપત્તિમાં ઈ૯૭૧ મિલિયનનો વધારો જોવા મળ્યો હતો. જો કે, વિશ્વના ટોચના ૧૭ અબજોપતિઓની સંપત્તિમાં વધારો થયો છે.

# જ્યાં સુધી તમારી પાસે મજબૂત મુદ્દો ન હોય ત્યાં સુધી પક્ષો સાથે આવે તો કંઈ થઈ શકે નહીં : પ્રશાંત કિશોર

સમસ્તીપુર,તા.૮

દેશમાં લોકસભાની ચૂંટણી થવાની છે અને તેની તૈયારીઓ પણ દેખાઈ રહી છે. ૨૩ જૂને પટનામાં વિપક્ષી એકતાની બેઠક યોજાઈ હતી. આ ક્રમમાં પ્રશાંત કિશોરે શુક્રવારે (૭ જુલાઈ) એક મોટું નિવેદન આપ્યું હતું અને કહ્યું હતું કે બળવા માટે કોઈ ચહેરાની જરૂર નથી. પીકે કહ્યું કે બસ મુદ્દો હોવો જોઈએ. વિપક્ષી એકતા અંગે મોટું નિવેદન આપતાં ઈન્દિરા ગાંધી અને બીપી સિંહને ટાંકવામાં આવ્યા હતા.

પ્રશાંત કિશોરે કહ્યું કે જ્યાં સુધી તમારી પાસે મજબૂત મુદ્દો ન હોય ત્યાં સુધી પક્ષો સાથે આવે તો કંઈ થઈ શકે નહીં. રાજકારણ પર ટિપ્પણી કરનારા લોકો ૧૯૭૭ નો ઉલ્લેખ કરે છે, કેવી રીતે તમામ પક્ષોએ મળીને તત્કાલીન પીએમ ઈન્દિરા ગાંધીને હરાવ્યા? પણ આ અડધુ સત્ય છે.પીકેએ કહ્યું કે ઈમરજન્સી ન થઈ હોત, જેપીના નેતૃત્વમાં આંદોલન ન થયું હોત. જો તમામ પક્ષોએ પોતપોતાના મુદ્દાઓ ભૂલીને એકસાથે સાથ ન આપ્યો હોત તો શું તમને લાગે છે કે જો પક્ષો સાથે આવ્યા હોત તો ઈન્દિરાજીની હાર થઈ હોત? આજના સંદર્ભમાં જેપી કે તેમના સમકક્ષ નેતા પણ શોધવા પડશે. જનતા સાથે જોડાયેલા મુદ્દાઓ પણ શોધવા પડશે. જો આ બંને બાબતો હશે તો પક્ષકારોની બેઠક ફાયદાકારક રહેશે.વીપી સિંહનું નામ લેતા પ્રશાંત કિશોરે કહ્યું કે તેમના સમયમાં પણ તમામ પાર્ટીઓ એક સાથે આવીને ૪૦૦થી વધુ સાંસદોની કોંગ્રેસ સરકારને હરાવી હતી. તે દરમિયાન વિપક્ષ માટે મુદ્દો બોફોર્સ હતો, બધા તેના નામે એક થયા.

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું